# ભ્રષ્ટાચાર – 'મેરા ભારત મહાન' !

જશવંત મહેતા

ભ્રષ્ટાચારથી સમાજના ગરીબ વર્ગને સૌથી વધારે સહન કરવું પડે છે તેના અસંખ્ય દાખલા આપી શકાય. ભ્રષ્ટ સરકારી અધિકારીઓને પૈસા કે લાંચ આપ્યા વગર અથવા તો ઉપરથી સિફારસ લાવ્યાં વગર હવે તો કોઈ પણ કામ કરાવવું શક્ય નથી તે એક હકીકત છે. દા.ત. હાલ નિઠારી જેવા કમકમાટી ભરેલા હત્યાકાંડમાં સહન કરનારા ગરીબ કે નીચલા વર્ગના લોકો જ છે. આ વર્ગ લાંચ આપવાને અસમર્થ હોય અને ઉપરથી દબાણ લાવી શકે તેમ નહીં હોવાથી પોલીસ ખાતાને તેની કંઈ પડી નથી હોતી, જ્યારે સામે પક્ષે જુલમ ગુજારનાર પૈસાપાત્ર હોઈ પૈસાને જોરે રાજકારણીઓની લાગવગ ધરાવતા હોવાથી તેઓને માટે તો શાસનનો જુલમ ડબલ એજેડ સ્વોર્ડ ('બેધારી તલવાર') બની જાય છે. આવા તો કેટલાય બનાવ દેશમાં નિયમિત થતા જ હશે, પણ ક્યાંક ખૂબ જ અતિરેક થાય ત્યારે પાપ છાપરે પોકારતું હોય તો આકસ્મિક રીતે બહાર પડતું હોય છે.

આઝાદી પહેલાંનું બ્રિટિશ શાસન ભ્રષ્ટાચારરહિત હતું એમ તો ન કહી કાય, પણ નિઃશંક ભ્રષ્ટાચારનું પ્રમાણ આજની સરખામણીમાં ઘણું જ ઓછું હતું. રાજ્યનો મોટા ભાગનો વહીવટી કારોબાર આઈ.સી.એસ. ઓફિસરોના હાથમાં હતો. બ્રિટિશ શાસનની શરૂઆતમાં આઈ.સી.એસ. ઓફિસરો બ્રિટિશ હતા, પછી ધીરેધીરે ભારતીયો પણ આ સ્થાન પ્રાપ્ત કરતા ગયા. આઝાદી સમયે સારા એવાં આઈ.સી.એસ. ઓફિસરો ભારતીય હતા. (અરવિંદ ઘોષ એ સૌપ્રથમ આઈ.સી.એસ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હતા, પણ ભારત આવ્યા પછી તેઓએ દેશદાઝથી પ્રેરાઈને સરકારમાં જોડાવવાનો વિચાર માંડી વાળ્યો.) એચ. એન. પટેલ, બી. કે. નહેરુ, આર. કે. નહેરુ, સી. ડી. દેશમુખ વગેરે અન્ય ભારતીય ઓફિસરોની પ્રામાણિકતા અને વહીવટી કાર્યદક્ષતાને લોકો આજે પણ યાદ કરે છે.

આ આઈ.સી.એસ. ઓફિસરો પછી તે બ્રિટિશ હોય કે ભારતીય હોય, તેમણે લાંચ લીધી હોય તેવા કિસ્સા જવલ્લે જ બન્યા હશે. બ્રિટિશ રાજ્યકર્તાઓ (ગવર્નર, વાઇસરોય વગેરે) રોજિંદા વહીવટમાં આજના રાજકારણીઓની જેમ માથું મારતા નહીં. આજની જેમ ત્યારે પણ દરેક મહત્ત્વની નિમણૂક, જેમાં કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર કે સરકારનાં ખાતાંમાં ટોચનું સ્થાન ભોગવતા સેક્રેટરીઓના હોદ્દાની નિયુક્તિ માટે આઈ.સી.એસ.ની પદવી જરૂરી રહેતી. (આજે આ નિમણૂકો માટે આઈ.એ.એસ. ઑફિસરો હોય છે.) આ આઈ.સી.એસ. ઑફિસરોની પ્રામાણિકતા અને વહીવટી કાર્યદક્ષતાની ધાક અને અસર શાસનના નીચલા સ્તર સુધી રહેતી.

પોતાનું શાસન વધારે ટકે તે હેતુથી સ્વાતંત્ર્યની ચળવળને દબાવી દેવા માટે નિઃશંક બ્રિટિશ રાજ્યકર્તાઓ દ્વારા જુલમો ગુજારવામાં આવ્યા હતા, પણ આજે સ્વાતંત્ર્ય પ્રાપ્તિનાં ૬૦ વર્ષ પછી આજના ભ્રષ્ટાચારી શાસનનો વહીવટ જો મહાત્મા ગાંધી, વલ્લભભાઈ, વિઠ્ઠલભાઈ, લાલા લજપતરાય જેવા નેતાઓ કે ભગતસિંહ જેવા જુવાનો (જે દેશ માટે શહીદ થયા હતા) જો જોવા પામ્યા હોત તો તેઓએ જે ધગશથી અને દેશદાઝથી સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટે લડત ચલાવી તેનાથી મોટી ચળવળ કે લડાઈ આ ભ્રષ્ટ શાસનથી લોકોને છુટકારો આપવા માટે નિઃશંક આદરી હોત. રાજગોપાલાચારી કે જેઓ ગાંધીજી, પટેલ વગેરેની સમકક્ષ કહી શકાય તેવા નેતાઓમાં હતા, પણ જેઓ સ્પષ્ટવક્તા હતા અને જેઓની દૂરદૃષ્ટિને લોકો આજે પણ યાદ કરે છે. રાજાજીની આગવી સૂઝનો એક દાખલો સૂચક છે. છેક ૧૯૫૫માં તેમણે નહેરુ સરકારની લાઇસન્સ પદ્ધતિ તથા જાહેર ક્ષેત્રમાં સ્થાપિત મોટા ઉદ્યોગો વગેરે સરકારી મૂડીવાદ પેદા કરશે અને તેનાથી લાંચ-રુશવત તથા લાગવગશાહી ખૂબ જોરથી ફેલાશે તેવો મત પ્રદર્શિત કરી વિરોધ દર્શાવ્યો હતો અને જે અંગે કોંગ્રેસ પક્ષનો તેઓને ત્યાગ કરવો પડ્યો હતો. જાહેર ક્ષેત્રના આપણા લાંબા અનુભવ પછી અને લાઇસન્સ પદ્ધતિની અનુભવેલી પ્રત્યક્ષ બદીઓ જોતાં રાજાજીના આ શબ્દો આજે આપણને ભવિષ્યવાણી જેવા લાગે છે!

જ્યારે ઉચ્ચ અધિકારીઓ કે રાજકારણીઓ પોતે લાંચ લેતા હોય છે, ત્યારે ભ્રષ્ટાચાર છાવરમાં તેઓ જ મોટે ભાગે જવાબદાર હોય છે અને પારદર્શકતાનો ભોગ લેવાય છે. આ પારદર્શકતાનો સચોટ નમૂનો બ્રિટિશ શાસનમાં જ્યારે કોઈ પણ મહત્ત્વની ઇમારતો બંધાતી હતી તે પૂરો પાડે છે.

આવી ઇમારતોનું બાંધકામ પૂર્ણ થયે તે ઇમારતમાં કોન્ટ્રેક્ટરનું નામ, આર્કિટેક્ટનું નામ, બાંધકામમાં કેટલો સમય લાગ્યો, સરકાર તરફથી જે અધિકારીની સુપરવિઝનની જવાબદારી હોય તેનું નામ અને સૌથી મહત્ત્વની વિગત તે આ ઇમારત બાંધવામાં કેટલો ખર્ચો થયો- આ બધી વિગતોની હકીકત એક તકતી જે પ્રવેશસ્થાન પર લગાવવામાં આવતી તેમાં કાયમ માટે પ્રદર્શિત રહેતી. આજે પણ મુંબઈ શહેરમાં અનેક મહત્ત્વની સરકારી ઇમારતો જેવી કે હાઈ કોર્ટ, સ્મોલ કોર્ટ, મ્યુનિસિપલ કૉર્પોરેશનનું મુખ્ય મથક (સીએસટી) પર જોવા મળે છે. થોડું ઊંડાણમાં ઊતરતાં આની વ્યાપક અસર ખ્યાલમાં આવશે. આવી મહત્ત્વની ઇમારતો વાપરનાર સમાજનો મોટો વર્ગ આ તકતી દ્વારા આ કૉન્ટ્રેક્ટર, આર્કિટેક્ટ તથા સુપરવિઝન કરનાર અધિકારી વગેરેના નામથી પરિચિત થતા અને આ દરેકને માટે આ તકતી એક પી.આર.ઓ.નું કામ ભજવતી અને દેશની કુલ વાર્ષિક આવક યા કામ સારી રીતે પૂરું પાડવામાં ખૂબ જ મોટો ભાગ ભજવતી.

આ ઉપરાંત સૌથી અગત્યની વસ્તુ, તો આ બાંધકામ પૂર્ણ કરવામાં સમયાનુસાર જે ખર્ચો થયો હોય તેની કિંમત પણ તકતી પર પ્રસિદ્ધ થવાથી આ ઇમારત બાંધવામાં જો કોઈ મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોય તો તે બહાર આવ્યા વગર રહે નહીં. આ ઇમારત જોનારો સમાજનો આખો વર્ગ આ પ્રકારની ઇમારત બાંધવાના ખર્ચની ચર્ચા કરી શકે. કોન્ટ્રેક્ટર, આર્કિટેક્ટ્સ અને સુપરવિઝન કરનારની ટીકા થયા વગર રહે નહિ અને શાસનની પોતાની પણ પ્રતિષ્ઠા જળવાઈ રહેવામાં મદદરૂપ થાય.

ઉપરનો દાખલો એટલા માટે આપ્યો છે કે વાચકને ખ્યાલ આવશે કે આ એક આરસની તકતી સરકારના કોઈ પણ મહત્ત્વના બાંધકામમાં ભ્રષ્ટાચાર પર અંકુશ લાવવામાં કેટલો મોટો ભાગ ભજવતી હતી. (આજે તો આવાં અગત્યનાં મકાનોમાં જે તક્તી લગાવવામાં આવે છે તેમાં જે પ્રધાને ખાતમુહૂર્ત કર્યું હોય કે પૂરું થયે ઉદ્ઘાટન કર્યું હોય તે વિગત હોય છે, જેની પાછળનો મુખ્ય હેતુ પોતાની અંગત પ્રસિદ્ધિનો હોય છે.)

ભ્રષ્ટાચારથી દેશને આર્થિક નુકસાન કેટલું થતું હશે તેનો ચોક્કસ અંદાજ કાઢવો મુશ્કેલ છે. ઘણા અર્થશાસ્ત્રીઓના મંતવ્ય મુજબ આ આંકડો દેશના જી.ડી.પી. (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ દેશની કુલ વાર્ષિક આવક યા ઉત્પાદન)ના ઓછામાં ઓછા બે ટકા જેટલું હોઈ શકે. મારા મંતવ્ય મુજબ આ આંકડો આનાથી

ચોક્કસ વધારે હશે. દા.ત. આજે દેશની આર્થિક પ્રગતિ વધારવા માટે જ્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવા માટે ભાર મૂકાય છે ત્યારે ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ નામની આંતરરાષ્ટ્રીય સંસ્થાએ દેશમાં ઑક્ટ્રોયથી થતાં ભ્રષ્ટાચાર અને દેશને થતાં નુકસાનના આપેલા આંકડા પર નજર કરીએ. આ સર્વેક્ષણ મુજબ દેશનાં વિવિધ શહેરોમાં લાદવામાં આવતી ઑક્ટ્રોયની પતાવટ માટે અપાતી લાંચનો વાર્ષિક આંકડો જ રૂપિયા બાવીસ હજાર કરોડનો થાય છે. (આ આંકડો દેશના ટ્રક-ડ્રાઈવરો જેટલું કુલ્લે કમાય છે એની બરાબર છે !)

આ ઉપરાંત દર ચોવીસ કલાકે એક ટ્રક-ડ્રાઈવરને બીજા વીસ કલાક તો તેની ટ્રકને આ ઑક્ટ્રોયની આકારણી અને ચુકવણી માટે ઊભી રાખવી પડે છે. ટ્રક-ડ્રાઈવરોના સમયની બરબાદી અને લાખો ટ્રકનાં રોકાણના વળતરની કિંમત વગેરેનો ઉમેરો કરીએ તો દેશને થતાં નુકસાનના આ આંકડા કેટલા મોટા થાય ! એક તરફ આપણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવા માટે હજારો કરોડ રૂપિયા ખર્ચી આપણા રાષ્ટ્રીય ધોરીમાર્ગોને ચાર-છ લેન પહોળા કરી રહ્યા છે, પણ વર્ષોથી ચાલતી ચર્ચા પછી પણ ઑક્ટ્રોયનાબૂદી માટે કશા નક્કર પગલાં લઈ શકતા નથી. આ ઑક્ટ્રોયનાબૂદીથી ટ્રકોની ઝડપી હેરફેરથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કેટલું વધારે મજબૂત થાય તેનું સર્વેક્ષણ તાત્કાલિક હાથ ધરવું જોઈએ.

ઑક્ટ્રોયનાબૂદી નહીં થઈ શકવાનું જો એક જ કારણ હોય તો તે છે કે નગરપાલિકાના અધિકારીઓ અને તેના થકી અન્ય સર્વેને પ્રાપ્ત થતી મસમોટી લાંચ-રુશવત અટકી જાય.